# સે-૬માં ભયજનક બ્લોક જમીનદોસ્ત

**સેક્ટર-૬માં આવેલ જ-૧ કક્ષાના ભયજનક બ્લોક તોડવાનો હોવાથી આમ પણ કોર્ડન કરી દેવાયો હતો : સવારે અચાનક જ બ્લોક કડડભુસ થયો : સદનસીબે કોઇને ઇજા નહીં : સે-૬ માં જોખમી મકાનો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે.**

ગાંધીનગર તા ૫

શહેરના સે-૬ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે જુના મકાનો પણ જોખમી હોવાથી ખાલી કરાવી દેવાયા છે. આ ભયજનક મકાનો તોડવા માટે કામગીરી ચાલી રહી છે. ત્યારે સેકટરમાં સ્થિત જ-૧ કક્ષાનો આ બ્લોક અચાનક જ શુક્રવારે સવારે ૯:૩૦ કલાકે કડડભુસ થયો હતો. બ્લોકને અગાઉથી જ તંત્ર દ્વારા કોર્ડન કરી દેવાયો હતો. સદનસીબે કોઈને જાનહાની થઈ નથી. વરસાદી દિવસોના અંતે જોખમી મકાનો વધુ ભયજનક બની રહ્યા છે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. જયારે આ જોખમી મકાનો તબક્કાવાર તોડીને જગ્યા ખુલ્લી કરી નવી ટાવર કોલોની બાંધવાનુ કામ પણ હાથ ધરવામાં આવે છે. સે-૬ માં પણ ભયજનક મકાનો ખાલી કરાવી દેવાયા છે. જયારે હાલ નવા આવાસોના નિર્માણની સાથે જુના અને જોખમી મકાનો તાડવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. સે- ૬ માં જ -૧ કક્ષાના જોખમી મકાનો પણ તંત્ર દ્વારા ખાલી કરાવી

● અનુસંધાન પાન-૭ પર



# ગાંધીનગર સ્વચ્છ પરંતુ ગુડા ગંદુ-ગોબરૂં બની ચૂક્યું છે

**ગુજરાતના બદસૂરત બનેલા શહેરી વિકાસ સત્તામંડળના કોઇ રખેવાળ નથી, અધિકારીઓના શાસનમાં ગુડાની બે લાખની વસતી પ્રાથમિક સુવિધાના અભાવે નિસહાય**

ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેર કરેલા સ્વચ્છતા મિશનમાં કદાચ ગુડા વિસ્તારનો સમાવેશ થતો નથી તેથી આ વિસ્તારમાં ગંદકીને ધ્યાને લેવામાં આવતી નથી. ગાંધીનગર શહેર સ્વચ્છ હશે પરંતુ તેને અડીને આવેલા શહેરી સત્તા વિકાસ મંડળ ગંદુ-ગોબરૂં બની ગયું છે. સેક્ટરો કરતાં વધુ વસતી ધરાવતા આ વિસ્તારમાં ટ્રાફિક નિયમનનું પાલન તો થતું નથી અને વાહનો માર્ગો પર બિન્દાસ મૂકી દેવામાં આવે છે.

ગુડા વિસ્તારના વિકાસની વાતો કરતા મ્યુનિસિપલ કોર્પોરેશન અને તેના મેયર રીટાબેન પટેલ તેમની સરકારી ગાડી લઈને કુડાસણ, સરગાસણ જેવા વિસ્તારોમાં ફરશે તો તેમને ખબર પડશે કે માર્ગોની હાલત કેવી છે. ભાજપના એકપણ રાજકીય નેતાને ગુડાની પડી નથી. શહેર તો ડેવલપ કર્યું પરંતુ તેની તકેદારી રાખવામાં આવતી નથી. ચૂંટણી આવે ત્યારે આ વિસ્તારના લોકો યાદ આવે છે પરંતુ ત્યારપછી પાંચ વર્ષ સુધી એકપણ નેતા આ વિસ્તારમાં ફરકતો નથી.

ગુડા વિસ્તારની વસતીમાં વધારો થતો જાય છે. કોમર્શિયલ કોમ્પલેક્સમાં પાર્કિંગની સુવિધા નહીં હોવાથી વાહનો રોડ પર પાર્ક કરવામાં આવે છે. પોલીસ ચોકીઓ બનાવવામાં આવી છે પરંતુ પોલીસ કર્મચારી હોતા નથી. આરોગ્યની સુવિધા પણ નહીવત છે. ગુડા વિસ્તારના માર્ગોની મરામત નિયમિત થતી નથી. આ વર્ષે ચોમાસામાં માર્ગો ધોવાઈ ગયા છે અને ખાડા પડી ગયા છે તેથી વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાના કેસ ૯૦૦ની નજીક

**આજે વધુ ૧૨ કેસ : આજે સે. ૭ માંથી બે કેસ ઉપરાંત સે. ૨૭, જીઈબી, સે. ૧૫, સે. ૨૮, સે. ૧૩, સે. ૨૪, પાલજ, સે. ૨૫, સે. ૩ અને સે. ૪ માંથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૨ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૮૯૩ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં હવે જે રીતે કેસો મળી રહ્યા છે તે કોરોના ત્રીજા તબક્કામાં પ્રવેશી ચુક્યો હોવાની શંકાને દૃઢ બનાવે છે. તંત્રએ પણ ૬૦ વર્ષથી ઉપરના લોકોને અનિવાર્ય ના હોય તો જ ઘરની બહાર નીકળવા વધુ એક વખત અપીલ કરી છે.

મળતી વિગતો પ્રમાણે આજે સે. ૭ માંથી બે કેસ ઉપરાંત સે. ૨૭, જીઈબી, સે. ૧૫, સે. ૨૮, સે. ૧૩, સે. ૨૪, પાલજ, સે. ૨૫, સે. ૩ અને સે. ૪ માંથી કેસો મળી આવ્યા છે.

સે. ૨૭ માં રહેતા અને આર.સી. ટેકનીકલમાં અધ્યાપક તરીકે સેવાઓ આપતા ૪૦ વર્ષીય અધ્યાપકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધ્યાપકે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ખાનગી વાયરમેન તરીકે સેવાઓ આપતા અને જી.ઈ.બી. કોલોની ખાતે રહેતા એક ૨૯ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જી.ઈ.બી. કોલોનીમાં થોડા દિવસ બાદ પુનઃ કોરોનાએ દેખા દેતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. તંત્રએ આ વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવવા માટેની સૂચનાઓ જારી કરી છે.

એલ.ડી.આર.પી.માં કલેરીકલ કામગીરી સાથે સંકળાયેલ અને સે. ૧૫ માં રહેતી એક ૩૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૭ જે કોરોના માટે અતિ સંવેદનશીલ બની ઉભર્યુ છે ત્યાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે તંત્રની ચિંતા વધી છે.

સચિવાલયમાં નાયબ સેક્શન અધિકારી તરીકે સેવાઓ આપતા અને સે. ૭ માં રહેતા ૪૩ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ હોમ

● અનુસંધાન પાન-૭ પર

## સચિવાલયમાં વધુ ૩૪૦ના કોરોનાના ટેસ્ટ

**ત્રણ કર્મચારીઓનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો : આગામી દિવસોમાં તમામ કચેરીઓને આવરી લેવાશે**

ગાંધીનગર, તા. ૫

નવા સચિવાલય સ્થિત કચેરીઓમાં સતત ત્રીજા દિવસે કોરોનાના રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા હતા. શનિવારે કરાયેલા ૩૪૦ ટેસ્ટમાંથી ત્રણ કર્મચારીઓના રીપોર્ટ પોઝીટીવ આવ્યા હતા.

ગાંધીનગરની સરકારી કચેરીઓમાં વધી રહેલા કોરોના સંક્રમણના કેસોના પગલે નવા સચિવાલય અને વિધાનસભાની તમામ કચેરીઓમાં રેપીડ એન્ટીજન ટેસ્ટ શરૂ કરવામાં આવ્યા છે. છેલ્લા બે દિવસથી આ કવાયત શરૂ કરવામાં આવી છે. તબક્કાવાર વિવિધ કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. ગઈકાલે ૪૯૨ કર્મયોગીઓના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આજે વધુ ૩૪૦ કર્મયોગીઓના ટેસ્ટ કરવામાં આવતા ત્રણ કર્મચારીઓનો રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. નવા સચિવાલયમાં આ કવાયત હજુ આગામી ૧૯મી તારીખ સુધી ચાલશે અને તમામ કર્મયોગીઓના ટેસ્ટ કરવામાં આવશે. મનપા અને આરોગ્ય વિભાગની જુદી જુદી હેલ્થ ટીમો દ્વારા આ કવાયત હાથ ધરવામાં આવી છે. કર્મયોગીઓના ટેસ્ટ કરવામાં આવતા અને પોઝીટીવ કર્મચારીઓને ક્વોરોન્ટાઈન કરી દેવાતા કેટલાક અંશે સરકારી કર્મીઓમાં રાહત જોવા મળી રહી છે.

# ઘ-૫ ફુડકોર્ટમાં એક દાયકાથી ખાલી ૫૭ દુકાનો હવે ભાડા પેટે ફળવાશે

**કટાયેલા શટર અને શેડવાળી દુકાનોનુ રીનોવેશન પણ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૫

ઘ-૫ વિસ્તારમાં સ્થિત ફુડકોર્ટમાં એક દાયકાથી વધુ સમયથી ખાલી પડેલી ૫૭ જેટલી દુકાનોને ભાડા પેટે ફાળવવા માટે ટુંકમાં હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે. જયારે ફુડકોર્ટમાં વર્ષોથી બંધ આ સ્ટોલ્સ હાલ કટાયેલા અને કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે જેથી આ દુકાનોનુ રીનોવેશન પણ ટુંકમાં હાથ ધરાશે. આ માટે અંદાજિત રૂ ૪૦ લાખનો ખર્ચ કરાશે.

શહેરના સે-૧૬ માં સ્થિત ફુડકોર્ટના નિર્માણ બાદ એક દાયકાના અંતે પણ ૫૭ જેટલી દુકાનો હજુ સુધી લાભાર્થીઓને ફાળવવામાં આવી નથી. એક તબક્કે ફુડકોર્ટના સ્ટોલ્સની ફાળવણીનો મામલો વિવાદાસ્પદ બન્યો હતો જેના અંતે વર્ષોના અંતે પણ ફુડકોર્ટની ૫૭ જેટલી દુકાનો આજે પણ ખાલી છે. જયારે લાંબા સમયથી બિન ઉપયોગી આ દુકાનો જાળવણીના અભાવે પણ ખંડરે બની છે. ફુડકોર્ટ વિસ્તારમાં પણ ગટરના દુષિત પાણી ઉભરાવવા સહીત ગંદકીની સમસ્યા વકરતા જન આરોગ્ય સામે નવા પ્રશ્નો ઉભા થયા છે. શહેરના હાર્દ સમા વિસ્તારમાં વિકસાવાયેલી ફુડકોર્ટના સ્થાને અગાઉ લારી ગલ્લાનુ ખાણી પીણી બજાર ભરાતુ હતુ જયારે દબાણ સહીત ગંદકીનો પ્રશ્ન હલ કરવા માટે ફુડકોર્ટનુ નિર્માણ કરાયુ હતુ. ફુડકોર્ટના નિર્માણ પાછળ લાખોનો ખર્ચ કરાયો હતો. પરંતુ પ્રારંભિક તબક્કે પણ પુર્ણરૂપે આ ફુડકોર્ટના સ્ટોલ્સ લાભાર્થીઓને ફાળવી શકાયા ન હતા જયારે હવે ફુડકોર્ટને અનુલક્ષી બાકી રહેતી ૫૭ જેટલી દુકાનો હરાજીના આધારે ભાડે ફાળવવા માટે પણ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઈ છે. જયારે લાંબા સમયથી ખંડેર બનેલી ફુડકોર્ટની આ દુકાનોનુ પણ રીનોવેશન હાથ ધરવામાં આવશે. ફુડકોર્ટમાં હાલ ૫૭ જેટલી દુકાનો ખાલી હોવાથી વર્ષોથી બિનઉપયોગી છે. જયારે આ દુકાનોના શટર તેમજ શેડ પણ તુટેલી હાલતમાં છે. જેથી આ સઘળી કામગીરીને અનુલક્ષી આ દુકાનોનુ રીનોવેશન હાથ ધરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં

● અનુસંધાન પાન-૭ પર

# હવે રેલવે અન્ડરપાસ માટે નડતરરૂપ દબાણો દુર કરાશે

**દબાણોના લીધે છેલ્લા ઘણાં સમયથી બ્રિજનુ કામ અટવાયેલુ : ટુંકમાં દબાણો દુર કરી કામ પુર્ણ કરાશે**

ગાંધીનગર તા ૫

શહેરમાં મહાત્મા મંદિરના પ્રોજેકટને અનુલક્ષી રેલવે અન્ડ પાસનુ કામ હાથ ધરાયુ હતુ જયારે લાંબા સમયના અંતે પણ અન્ડપાસના પ્રોજેકટનુ કામ પુર્ણ થયુ નથી. બ્રિજના એક છેડે દબાણોની ભરમાર હોવાથી કામ અધુરુ છે. જો કે હવે ઝુંપડાવાસીઓના દબાણ દુર કરવા તંત્રએ પ્લાન બનાવી દીધો છે. જેથી આગામી દિવસોમાં દબાણો દુર કરી બ્રિજનુ કામ પુર્ણ કરાશે.

શહેરમાં મહાત્મા મંદિરને અનુલક્ષી રેલવે અન્ડર પાસનુ કામ હાથ ધરાયુ હતુ જયારે વર્ષોના અંતે પણ આ પ્રોજેકટ પુર્ણ થઈ શક્યો નથી. બ્રિજના એક છેડે કાચા પાકા ઝુંપડા હોવાના લીધે આ કામગીરી લાંબા સમયથી બંધ છે. આ બ્રિજના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે લાંબા સમયથી આ મામલે કાનુની મામલે પણ લડત ચાલતી હોવાના લીધે દબાણો હજુ સુધી યથાવત હતા પરંતુ

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૯ કેસ

**ગાંધીનગરમાંથી ૭, કલોલમાંથી ૭, દહેગામમાંથી ૩ અને માણસામાંથી ૨ કેસ મળ્યા : ૧૧ દર્દીઓ ડિસ્ચાર્જ કરાયા**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી કોરોનાના આજે વધુ ૧૯ કેસ મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોથી તંત્ર પણ સ્તબ્ધ બની ગયુ છે.

ગાંધીનગર જિલ્લામાં આજે ગાંધીનગરમાંથી ૭, દહેગામમાંથી ૩, માણસામાંથી ૨ અને કલોલમાંથી ૭ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામેથી આજે વધુ બે કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે ૭૨ વર્ષીય વૃદ્ધા અને ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

હોટસ્પોટ બનેલ અડાલજમાંથી વધુ ૩ કેસ મળી આવ્યા છે. અડાલજમાંથી મળી રહેલા કેસોને પગલે તંત્રની ચિંતા પણ વધી છે.

અડાલજમાંથી આજે ૩૪ વર્ષીય યુવક, ૬૨ વર્ષીય પુરૂષ અને ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઝુંડાલમાંથી આજે વધુ બે કેસ મળ્યા છે. જેમાં એક ૫૫ વર્ષીય પુરૂષ અને ૪૦ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

દહેગામ તાલુકામાંથી આજે ગ્રામ્ય વિસ્તારમાંથી એક અને અર્બન વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે.

દહેગામના કનીપુર ગામેથી ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે દહેગામ અર્બનમાંથી ૫૨ વર્ષીય મહિલા અને ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાંથી આજે ગ્રામ્ય વિસ્તારના બે કેસ નોંધાયા છે. આજે ખડાત ગામેથી ૨૭ વર્ષીય મહિલા અને દેલવાડ ગામેથી પણ ૨૫ વર્ષીય મહિલાનો કેસ મળી આવેલ છે. આ બન્ને દર્દીને સારવાર માટે ગાંધીનગર ખસેડવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

કલોલમાં કોરોના હજુ પણ બેકાબુ રહ્યો છે. કલોલના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૪ કેસ અને અર્બન વિસ્તારમાંથી વધુ ૩ કેસ મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે બોરીસણા ગામેથી ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વડસર ગામેથી આજે વધુ બે કેસ મળ્યા છે. જેમાં એક ૩૪ વર્ષીય યુવક અને ૫૭ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. પ્રતાપપુરા ગામેથી પણ એક ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બન વિસ્તારમાંથી આજે ૩ કેસ

● અનુસંધાન પાન-૭ પર



માખી-મચ્છરનું ઉદ્દભવ સ્થાન - શહેરમાં વરસાદ થંભ્યાને ત્રણ દિવસ થયા પરંતુ નીચાણવાળા વિસ્તારોમાં પાણીના ખાબોચિયા ભરાયેલા છે... જે સમયસર દૂર ન કરાતા રોગચાળાનો ભય ઉભો થયો છે... શહેરમાં ઠેર ઠેર માખી-મચ્છરનો ઉપદ્રવ વધતો જાય છે... ત્યારે સ્થાનિક તંત્ર દ્વારા ખાબોચિયા હટાવવાનું કામ યુદ્ધના ધોરણે થાય તેમ નગરજનો ઈચ્છી રહ્યા છે...

# જે ગામોમાં ગામતળ નીમ કરવાના બાકી હોય તેની દરખાસ્ત તાકીદે કરો : દુહાન

ગાંધીનગર, તા. ૫

જિલ્લાના જે ગામોમાં ગામતળ ઉપલબ્ધ નથી તે ગામોમાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો તાત્કાલિક મોકલી આપવાની કડક તાકીદ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને કરી છે.

ગઈકાલે બે કલાક સુધી તા.વિ. અધિકારીઓ સાથે કરેલી સમીક્ષા બેઠકમાં ગામતળની દરખાસ્તો કરાયેલી હોય તો તેની હાલની સ્થિતિ વિશે પણ તેમનો રિપોર્ટ આપવો.

તેમણે ઈ.ગ્રામ સેવા જે ગ્રામ-સચિવાલય જેવી મહત્વની કામગીરી સંભાળે છે ત્યારે જિલ્લાના ઘણા ગામોમાં તે બંધ છે આ દુઃખદ બાબત છે. રોજે રોજ ઈ.ગ્રામની સેવાઓ લોકોને પ્રાપ્ત થાય અને લોકોને જિલ્લા કે તાલુકા મથકોના ધક્કા ન ખાવા પડે તે જોવા પણ તેમણે આગ્રહ કર્યો હતો.

તેમણે તાલુકા કક્ષાએ ક્ષેત્રીય કચેરીઓ સાથે સુયોગ્ય સંકલનમાં રહી પ્રજાલક્ષી વહીવટીય પ્રથાનો અનુભવ જનતાને થાય તે દિશામાં કાર્યવાહી કરવા પર પણ ભાર મુક્યો હતો.


**તાલુકા કક્ષાએ તુમાર નિકાલ અને એ.જી. પેરા તેમજ લોકલ ફંડ ઓડિટના પેરાઓના નિકાલ માટે પણ આગ્રહ**

પંચાયતી વેરા અને મહેસુલી વેરાઓની વસુલાતની નબળી કામગીરીને લઈ તેમણે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યુ કે મહેસુલી વર્ષ હજુ હમણાં સંપન્ન થયુ છે ત્યારે નવા વર્ષમાં અત્યારથી જ આ માટેનો રોડમેપ તૈયાર કરી અને ૧૦૦ ટકા વસુલાત પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે.

સુશ્રી દુહાને જે કર્મચારીઓ વયમર્યાદાને લઈ નિવૃત્ત થઈ રહ્યા છે તેમના પેન્શન કેસ પણ નિવૃત્તિ પહેલાં તૈયાર થઈ જાય એટલુ જ નહિ પરંતુ શક્ય એટલા લાભો તેને નિવૃત્તિના દિવસે જ મળી જાય તે જોવુ જોઈએ.

રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ અંતર્ગત પ્રાપ્ત થતી અરજીઓ અંગે અલાયદુ રજીસ્ટર નિભાવવામાં આવે તેમજ સમય-મર્યાદામાં જ અરજદારને ઉત્તર મળી જાય તે રીતે તંત્ર કામ કરે તે અત્યંત જરૂરી છે. કોર્ટ કેસો બાબતે પણ અધિકારીઓ તેમની કક્ષાએ ખાસ કાળજી રાખે તેવી ટકોર પણ કરી હતી.

તાલુકા કક્ષાએ તુમાર નિકાલ અને એ.જી. પેરા તેમજ લોકલ ફંડ ઓડિટના પેરાઓના નિકાલ માટે જરૂર પડ્યે ખાસ ઝુંબેશ હાથ ધરવા પણ તેમણે આગ્રહ કર્યો હતો.

**દુઃખદ અવસાન**

ખેડા નિવાસી **સ્વ. દોલતસિંહજી મહીડાના સુપુત્ર** અને અમારા પિતાશ્રી **કરણસિંહજી દોલતસિંહજી મહીડા** (નિવૃત, અધિક સચિવ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર) નું તા.૨-૦૯-૨૦૨૦ને બુધવારના રોજ અવસાન થયેલ છે.

**વર્તમાન પરીસ્થિતીને ધ્યાનમાં રાખીને ટેલીફોનીક બેસણું તા.૭-૦૯-૨૦૨૦ને સોમવારના રોજ સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી રાખેલ છે.**

ધવલસિંહ કરણસિંહ મહીડા (પુત્ર) મો.૯૪૨૭૫ ૨૭૩૮૫
અનુબા કરણસિંહ મહીડા (પત્ની)
ગાયત્રીબા અજયરાજ નકુમ (પુત્રી) મો.૯૮૯૮૮ ૧૬૨૫૭
દિલીપસિંહ દોલતસિંહ મહીડા (ભાઈ) મો.૯૯૭૯૫ ૦૩૬૩૫
યશવંતસિંહ દોલતસિંહ મહીડા (ભાઈ) મો.૯૮૨૫૦ ૦૯૯૫૮

**શ્રદ્ધાંજલિ**



**સ્વ. અશોકભાઈ જયસ્વાલ**
(સ્વર્ગવાસ તા. ૧-૯-૨૦૨૦)

મૃત્યુથી જીવનનો અંત આવે છે પણ સંબંધોનો નહિ, આત્મીય સંબંધો તો માનવ મનમાં સદાય વસે છે આપનો નિખાલસ સ્વભાવ સર્વે માટે સ્નેહનું સંભારણું બની રહેશે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના...

લિ.
**જિગર ત્રિવેદી**
**ધી ડાયમન્ડ ગૃપ**

**અશ્રુભીની શ્રદ્ધાંજલિ**



**સ્વ. બહેચરભાઈ પ્રભાભાઈ પ્રજાપતિ**
ગામ : કૃષ્ણનગર, ઈડર (સેક્ટર-૧૨, ગાંધીનગર)
સ્વ. તા. ૩૧-૮-૨૦૨૦, સોમવાર

મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે,
મૃત્યુ પામે છે માનવી પોતે પણ તેના સત્કર્મો જીવે છે.
રડી પડે છે આંખો અમારી જોઈ મીઠી તસવીરી તમારી,
મન હજુ માનતું નથી કે તમે નથી પળે પળે યાદ આવે છે તમારી

હાલની પરિસ્થિતિના કારણે સદ્‌ગતનું બેસણું કે લૌકિકક્રિયા બંધ રાખેલ છે.

લિ. ગં.સ્વ. લક્ષ્મીબેન બહેચરભાઈ પ્રજાપતિ
હીનાબેન અતુલકમાર પ્રજાપતિ
અતુલકુમાર જે. પ્રજાપતિ
જીગર બહેચરભાઈ પ્રજાપતિ
અ.સૌ. ચેતનાબેન જીગર પ્રજાપતિ
ડો. આનંદ બહેચરભાઈ પ્રજાપતિ
અ.સૌ. ડો. અનુપમા આનંદ પ્રજાપતિ
શૈલ, જ્ઞાન, પ્રેમ, નામ્યા
મો. 98245 55197


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com